**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૯/૧૨/૨૦૧૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૪૬૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી ૧૮૪ લીટર દેશી દારૂ અને ૯૪ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૬૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭ વ્યક્તિઓ અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૪૬૫/૧૫**

**ઓઢવઃ** બ્રહ્મદત્ત ભુરીલાલ શર્મા (રહે.વૈભવપાર્ક સોસાયટી વિરાટનગર રોદ ઓઢવ) એ તા.૮/૧૨/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી નવીન ચાંદમલ ગર્ગ (રહે.નિવાસ નીમચ ભગાના મધ્યપ્રદેશ) તા.૧૯/૧૧/૨૦૧૪ થી તા.૨૬/૮/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન બ્રહ્મદત્ત શર્મા સાથે સિમેન્ટનો ભાગીદારી ધંધો કરી અલગ-અલગ સમયે સ્ટેમ્પ ઉપર લખાણ કરી રૂપિયા ૬,૦૦,૦૦૦/- લઈ જઈ પરત નહી આપી બ્રહ્મદત્ત શર્મા સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી એન ચૌધરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૪૬૬/૧૫**

**એલીસબ્રીજઃ** રૂદ્રહાસ શ્રીકાંત ખટાવકર (રહે.આતીર્થ એપાર્ટમેન્ટ હીરાબાગ રેલવે ક્રોસીંગ પાસે આંબાવાડી) એ તા.૮/૧૨/૧૫ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૧૨/૧૫ રાતના ૯/૦૦ થી તા.૮/૧૨/૧૫ રાતના કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીના ડ્રોઅરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૮,૪૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી ડી વસાવા ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** નીલમબહેન શ્યામલાલ ઉનમાણી (રહે.જુની ચાલ સૈજપુર બોઘા) એ તા.૮/૧૨/૧૫ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૧૨/૧૫ બપોરના ૪/૦૦ થી તા.૮/૧૨/૧૫ સવારના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીના ડ્રોઅરમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર બી રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સેટેલાઈટઃ** નીતીનભાઈ કનૈયાલાલ શાહ (રહે.પ્રકૃતિકુંજ સોસાયટી માણેકબાગ શ્રેયસ ફાઉન્ડેશન ચાર રસ્તા પાસે સેટેલાઈટ) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૧૨/૧૫ બપોરના ૨/૩૦ થી રાતના ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લેપટોપ, કેમેરા, ટ્રાવેલીંગ બેગ, સાડી, એમપીથ્રી પ્લેયર્સ, સાડી, પર્ફ્યુમ, ચોકલેટ તેમજ વાસણો મળી કુલ રૂપિયા ૧,૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી કે વાઘેલા ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૬૭/૧૫</u>**

**આનંદનગરઃ** કમલેશભાઈ જેઠાભાઈ પટેલ (રહે.રાજબાઈની કેતન કડવા પાટીદારની સોસાયટી ભુલાભાઈપાર્ક બહેરામપુરા) એ તા.૮/૧૨/૧૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કમલેશભાઈના પત્ની તા.૫/૧૨/૧૫ રાતના ૯/૩૦ વાગે આનંદનગર વાયએમસી ક્લબમાં ગ્રેસીયા હોલ ખાતે ગયા હતા ત્યારે અજાણી વ્યક્તિએ કમલેશભાઈના પત્નીના લેડીઝ પર્સમાંથી સોનાની ચેઈન, સોનાનુ પેન્ડલ, આઈપેડ, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મોહમદહનીફ મુસ્તુફામિયા ચલાવે છે.

**સરદારનગરઃ** સંજયભાઈ છગનજી ગાઢીયા (રહે.ઓવરીપાડા દહીસર ઈસ્ટ મુંબઈ) એ તા.૧/૧૧/૧૫ કલાક ૮/૪૫ વાગે અમદાવાદ એરપોર્ટ ખાતે કાર્ગો પ્લેનમાં બેગ મુકી હતી. જે બેગ કલાક ૯/૨૫ વાગે મુંબઈ એરપોર્ટ ખાતે જોતા બેગનુ તાળુ તુટેલ હાલતમાં હોઈ બેગમાં જોતા બેગમાંથી અજાણી વ્યક્તિએ રોકડ રૂપિયા ૫૧,૦૦૦/- ની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ સંજયભાઈ ગાઢીયાએ મુંબઈ ખાતે ફરીયાદ નોધાવતા મંબઈથી ૦૦ ના આધારે સરદારનગર આવતા સરદારનગર પોલીસે ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.જી.ખરાડી ચલાવે છે.

**<u>અટકાયત કરી લુંટની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૬૮/૧૫</u>**

**સોલા હાઈકોર્ટઃ** વજાભાઈ શરણમભાઈ કરમટા (રબારી) (રહે.રાયકાનગર હબકા રોડ કેશોદ જીલ્લો જુનાગઢ) અને હિતેશભાઈ જેઠાભાઈ ભાદરકા (રહે.કુકસવાડા તાલુકો માળીયા જીલ્લો સોમનાથ) તા.૮/૧૨/૧૫ કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે ટાટા ટેમ્પો ગાડી ચલાવી એસ.પી.રીંગ રોડ ઓગણજ સર્કલ ટોલનાકાથી થોડે આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટેમ્પો બગડતા ટેમ્પામાંથી નીચે ઉતર્યા હતા ત્યારે ચાર અજાણ્યા ઈસમો વજાભાઈને અંધારામાં લઈ જઈ માર મારી વજાભાઈ પાસેથી ચાંદીનુ કડું, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૧૭,૦૦૦/- મળી રૂપિયા ૨૩,૦૦૦/- કઢાવી લઈ બાંધી દીધા હતા. ત્યારબાદ હિતેશભાઈ પાસેથી મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૨૧,૦૦૦/- મળી રૂપિયા ૨૬,૦૦૦/- કઢાવી લઈ હિતેશભાઈના હાથ-પગ બાંધી દઈ વજાભાઈના હાથ-પગ છોડી બુમાબુમ કરતા નહી, નહીતર મારી નાખીશુ તેવી ધમકી આપી કુલ રૂપિયા ૪૯,૦૦૦/- મતા લઈ પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ વજાભાઈ કરમટાએ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ બી સૈયદ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૬૯/૧૫</u>**

**ચાંદખેડાઃ** તુલસીદેવી રમણલાલ પટેલ (રહે.દેવમ ફ્લેટ મોટેરા ચાંદખેડા) તા.૭/૧૨/૧૫ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે મોટેરા સ્ટેડીયમ રોડ ક્રિષ્ણા આટા ચક્કી નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ તુલસીદેવીના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૮,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ તુલસીદેવી પટેલે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ કે બાંગા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)